# મારા ગુરુ મારું જીવન

## ગુરુપૂર્ણિમા તેમજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની જન્મજયંતીએ

## પ્રસ્તુત વિડિયોગીતો તથા નૃત્યગીતોનું આલ્બમ

## ટ્રેક ૧ મંગલાચરણ

વન્દે શ્રીપુરુષોત્તમં ચ પરમં ધામાક્ષરં જ્ઞાનદં

વન્દે પ્રાગજીભક્તમેવમનઘં બ્રહ્મસ્વરૂપં મુદા,

વન્દે યજ્ઞપુરુષદાસચરણં શ્રીયોગિરાજં તથા

વન્દે શ્રીપ્રમુખં મહન્તગુણિનં મોક્ષાય ભક્ત્યા સદા.

કવિઃ સાધુ વિવેકસાગરદાસ

**ટ્રેક ૨, ૩, ૪ મારા ગુરુ મારું જીવન**

મારા ગુરુ મારું જીવન બની રહે,
મીન સદાય જેમ જળમાંહી વાસ ચહે. મારા ગુરુ. ધ્રુવ

અહોભાગ્ય આ અક્ષર મળિયા પુરુષોત્તમના ધારક,
ચરિત્ર કીધાં કલિમલહારક ભક્તોને સુખકારક;
ગુરુચરિત્રગંગામાં મનડું નિત્ય વહે. મારા ગુરુ. ૧

અહોનિશ ગુરુની આજ્ઞામાં ટુક ટુક થઈ હોમાવું,
રાજીપો લઈને ગુરુહરિનો ધન્ય ધન્ય થઈ જાવું;
એ જ ઉગમણી દિશા જેહ ગુરુવર્ય કહે. મારા ગુરુ. ૨

આવ્યો અમૂલ્ય અવસર ગુરુહરિનો મહિમા ગાવાનો,
અલૌકિક અદ્ભુત એવી આ વચન તણી સેવાનો;
ગુરુગુણગાને જીવન મારું ધન્ય બને. મારા ગુરુ. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ,
ગાયકોઃ સાધુ ગુરુનયનદાસ, સાધુ ગુરુદર્શનદાસ

## ટ્રેક ૫ અગમ નિગમ પણ સંત તણા ગુણ

અગમ નિગમ પણ સંત તણા ગુણ ગણવાને ધાવે,
મહંતજીને નિરખી ગ્રંથો નેતિ નેતિ કરી ગાવે. ધ્રુવ.
મહંતસ્વામી કરીએ વંદન, જન્મદિવસનાં હો અભિવંદન...

એક એક ગુણ ઊંચા નભથી, ઊંડા સાગર-તળથી,
મથી મથી પણ એનો પાર પમાય કહો કોનાથી?
અચરજ! સંત છુપાવે એને ગુણનું માન ન આવે. મહંતજીને. ૧

એક એક ગુણ સંપૂરણ ને સબગુણપૂરણ એ છે,
પૂરણ પરબ્રહ્મમાંહી બસ એ તો રમણ કરે છે,
જે મહિમા કહીએ હરિનો તે સંત તણો થઈ જાવે. મહંતજીને. ૨

અનાદિથી જે ધરે હરિને, આજ ધરા પર આવ્યા,
ધન્ય ધન્ય શું ભાગ્ય અમારાં, અમ સૌને અપનાવ્યા,
ગુણાતીત-ગુણ આપી સૌને અક્ષરમુક્ત બનાવે. મહંતજીને. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા, અમેય દાતે અને ગાયકવૃંદ

## ટ્રેક ૬, ૭ ગ્રંથો જેના ગુણલા ગાયે

ગ્રંથો જેના ગુણલા ગાયે, ગુણવંત સંતને નમઃ,
સકલ ગુણો તે જેમાં સમાયે, મહંતસ્વામી નમો નમઃ. ધ્રુવ

૧. હે કામક્રોધદલનાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ.
હે લોભદમ્ભમુક્તાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

૨. હે અખંડ-હરિ-ભજનાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ,
હે અખંડ-હરિ-ભજનાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

૩. હે પરમમુક્તિ-પ્રદાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ,
હે પરમમુક્તિ-પ્રદાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

૪. હે વિષય-વિરક્ત-નરાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ,
હે વિષય-વિરક્ત-નરાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

૫. હે ક્ષમાદર્શરૂપાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ,
હે ક્ષમાદર્શરૂપાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

૬. હે ભેદદૃષ્ટિરહિતાય નમઃ, હે પ્રમુખગુરુરાજાય નમઃ.
હે ભેદદૃષ્ટિરહિતાય નમઃ, હે મહન્તગુરુરાજાય નમઃ.

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ, જયદીપ સ્વાદિયા, ચિંતન રાણા અને ગાયકવૃંદ

## ટ્રેક ૮ આવો રે જનમદિન ગુરુનો

છંદ:

હે મહંતજીની જન્મજયંતી અવસર અનુપમ આયો રે,
નાનાં મોટાં સૌનાં હૈયે હરખ હરખ ઊભરાયો રે;
પ્રમુખશતાબ્દી પર્વે ગુરુએ સેવા મર્મ જણાયો રે,
મહંતજીનો જન્મદિવસ પણ એ જ રીત ઊજવાયો રે.

આવો રે જનમદિન ગુરુનો હરખે ઊજવીએ,
હો પ્રમુખજી ને મહંતજીની રીતે ઊજવીએ. આવો રે જનમદિન. ધ્રુવ

મનધાર્યું મૂકી ગુરુએ સેવા કરી છે, પળ પળ ગુરુને રીઝવ્યા છે;
હો ગુરુઓના પગલે પગલે ગુરુને રીઝવીએ. આવો રે જનમદિન. ૧

યશ સઘળો ગુરુના ચરણે અર્પણ કર્યો છે, મોટપથી દૂર રહ્યા છે,
હો સૌનાં મન સાચવીને સૌમાં ગુરુ પેખીએ. આવો રે જનમદિન. ૨

છંદ:

અભિવંદન અભિવંદન કરીએ હે મહંતજી અભિવંદન,
કૃપા કરી આજે અવનીમાં પ્રગટ થયા છો જગવંદન;
યોગી-પ્રમુખસ્વામીના વારસ આપ હરો ભવનાં બંધન,
શત શત વર્ષ જીવો હે ગુરુવર ભક્ત તણા છો સુખનંદન.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ અમેય દાતે અને ગાયકવૃંદ